પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૭૯ | ૯ સપ્ટેમ્બર, ૨૦૨૨, શુક્રવાર; ભાદરવા સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# પેટ્રોલ-ડિઝલના ભાવ ઘટવાના અણસાર

## આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવમાં ૯૦ ડોલરની નીચે : રશિયાએ યુક્રેન પર હુમલો કર્યો તેના કારણે આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ભડકો થયો હતો




નવી દિલ્હી, તા.૮

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં જોરદાર ઘટાડો થયો છે અને તેના કારણે હવે ભારતમાં પણ પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટવા જોઈએ તેવી માંગણી ઉઠી છે. તહેવારોની સિઝનમાં મોટી રાહત મળી શકે છે. રશિયાએ ફેબ્રુઆરી ૨૦૨૨માં યુક્રેન પર હુમલો કર્યો તેના કારણે આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ભડકો થયો હતો અને એક બેરલનો ભાવ ૧૩૯ ડોલરને પાર કરી ગયો હતો. હવે ક્રૂડનો ભાવ ૯૦ ડોલરની નીચે છે ત્યારે સરકાર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઓછામાં ઓછા ત્રણથી ચાર રૂપિયાનો ઘટાડો કરી શકે છે. ક્રૂડનો ભાવ ઘટવાથી શેરબજારમાં પણ ચમકારો જોવા મળ્યો છે. અમેરિકામાં મંદીની આશંકાના કારણે ઈન્ટરનેશનલ બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ ઘટી રહ્યા છે. અમેરિકન ક્રૂડ ઓઈલનો ભાવ ૮૩ ડોલર પ્રતિ બેરલ પર છે. ઓઈલ કંપનીઓએ તાજેતરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર કર્યો નથી. દેશની રાજધાની નવી દિલ્હીમાં એક લિટર પેટ્રોલનો ભાવ ૯૬.૭૨ રૂપિયા ચાલે છે જ્યારે ડીઝલનો ભાવ રૂ. ૮૯ ચાલે છે. હાલમાં સૌથી મોંઘું પેટ્રોલ

● અનુસંધાન પાન-૭ પર

# ભારતમાં દર વર્ષે અંદાજે ૬૫૦૦૦ બાળકો ગુમ થાય છે

## સમગ્ર વિશ્વમાં ચાઈલ્ડ ટ્રાફિકિંગ મોટી સમસ્યા : બાળકોમાં માટે અસુરક્ષિત મધ્ય પ્રદેશ, મિઝોરમમાં કેસ નહીં

નવી દિલ્લી, તા.૮

આખી દુનિયામાં ચાઈલ્ડ ટ્રાફિકિંગ મોટી સમસ્યા છે. બાળકોનું અપહરણ કરીને તેમને આતંક, દેહવેપાર અને ચોરીના ધંધામાં ધકેલી દેવામાં આવે છે. આ એક એવી સમસ્યા છે જેનાથી દરેક રાજ્ય પરેશાન છે. ગુમ બાળકોની યાદમાં ૨૫ મેના રોજ દુનિયાભરમાં ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ મિસિંગ ડે ઉજવવામાં આવે છે. ભારતમાં દર વર્ષે ૬૫,૦૦૦ બાળકો ગુમ થાય છે. અને વર્ષોવર્ષ તેમાંસતત વધારો થતો જઈ રહ્યો છે. દરેક ચારમાંથી ત્રણ ગુમ બાળકોમાં એક દીકરીનો સમાવેશ થાય છે.



છેલ્લા પાંચ વર્ષના આંકડા જોઈએ તો બાળકો ગુમ થવાના ૩,૨૬,૨૯૦ કેસ સામે આવ્યા છે. જેમાં ૨૦૨૦માં ૫૯,૨૬૨ બાળકો ગુમ થયા. આ પહેલાં ૨૦૧૯માં તે આંકડો ૭૩,૧૩૮ હતો. ૨૦૧૮માં દેશમાં ૬૭,૧૩૪ કેસ બાળકો ગુમ થવાના નોંધાયા હતા. ૨૦૧૭માં તે આંકડો ૬૩,૩૪૯ હતો.જ્યારે ૨૦૧૬માં બાળકો ગુમ થવાનો આંકડો ૬૩,૪૦૭ હતો.

હવે તમારે એ પણ જાણી લેવું જોઈએ કે કયા રાજ્યમાં બાળકો સૌથી વધુ અસુરક્ષિત છે. જેમાં મધ્ય પ્રદેશમાં ૨૬૬૮ બાળકો ગુમ થયા. તો ૧૧,૮૮૫ બાળકી ગુમ થઈ. કુલ ૧૪૫૫૩ બાળકો મધ્ય પ્રદેશમાંથી ગુમ થયા. પશ્ચિમ બંગાળમાં ૧૪,૦૭૧ બાળકો ગુમ થયા. જેમાં ૨૫૯૦ બાળકો અને ૧૧,૪૮૧ બાળકીનો સમાવેશ થાય છે. બિહારમાં ૧૨,૦૬૪ બાળકો ગુમ થયા. જેમાં ૨૦૬૫ બાળકો અને ૯૯૯૯ દીકરીઓનો સમાવેશ થાય છે.

# ભારત-ચીનની સેના પોઈન્ટ-૧૫થી પાછળ હટી

**ભારત-ચીનની વાતચીતમાં બની હતી સહમતિ : ભારત અને ચીન વચ્ચે વાસ્તવિક નિયંત્રણ રેખા એટલે કે એલએસી પર સત્તાવાર રૂપથી હજુ સીમાંકન થયું નથી**

નવી દિલ્હી, તા.૮

ગલવાન ઘર્ષણ બાદ ભારત અને ચીન વચ્ચે તણાવ ખુબ વધી ગયો હતો. પરંતુ બંને દેશોએ કૂટનીતિક અને સૈન્ય વાતચીત કરી મામલાનો હલ કાઢવાનો સતત પ્રયાસ કર્યો. ભારત અને ચીનના કોર કમાન્ડર સ્તરની ૧૬માં રાઉન્ડની થયેલી વાતચીતમાં બનેલી સહમતિ અનુસાર આજે તણાવ ઓછો કરનારા સમાચાર આવ્યા છે. રક્ષા મંત્રાલયે સંયુક્ત નિવેદન જાહેર કરી જણાવ્યું કે ગોગરા-હોટસ્પિંગ્સ (પીપી ૧૫) ક્ષેત્રથી ભારત અને ચીનના સૈનિકોએ સુનિયોજિત રીતે પાછળ હટવાનું શરૂ કરી દીધુ છે. સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ સરહદી ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા બનાવી રાખવા માટે મહત્વપૂર્ણ છે.

અત્યાર સુધી ચીન ગોગરા હોટસ્પ્રિંગ્સમાં પેટ્રોલિંગ પોઈન્ટ પીપી-૧૫થી પાછળ હટવા માટે તૈયાર નહોતું. તેવામાં ભારતે પણ પોતાના સૈનિકોની તૈનાતી વધારી દીધી હતી. બંને તરફથી મોટી સંખ્યામાં સૈનિક તૈનાત કરવામાં આવ્યા હતા. હકીકતમાં ભારત અને ચીન વચ્ચે વાસ્તવિક નિયંત્રણ રેખા એટલે કે એલએસી પર સત્તાવાર રૂપથી હજુ સીમાંકન થયું નથી. અહીં ઘણી પોસ્ટ કે પોઈન્ટ છે જેનો ઉપયોગ સૈનિક પોતાનું નિયંત્રણ બનાવી રાખવા માટે કહે છે. એલએસી પાસે લદાખમાં ૬૦થી વધુ પેટ્રોલિંગ પોઈન્ટ્સ છે.

બે વર્ષથી એલએસી પર ચાલી રહેલા તણાવ દરમિયાન જે વિવાદિત વિસ્તારને લઈને બંને દેશો વચ્ચે તણાવ ચાલી રહ્યો હતો તેમાંથી આ વિવાદિત હતો. પરંતુ જૂના ફ્લેશ પોઈન્ટ સાથે જોડાયેલ ડેપસાંગ પ્લેન અને ડેમચોકમાં હજુ તણાવ જારી છે. પીપી-૧૫માં ડિસએન્ગજમેન્ટને લઈને ૧૬મી બેઠકમાં સહમતિ બની હતી.

# યાકૂબ મેમણની કબરને મજારમાં ફેરવવા મુદ્દે રાજકારણ ગરમાયું

## આતંકવાદીને ૨૦૧૫માં ફાંસી અપાઈ હતી : ઉદ્ધવ ઠાકરે મુખ્યમંત્રી હતા તે સમયે આતંકવાદી યાકૂબ મેમણની કબરને મજારમાં ફેરવી દેવાયાનો ભાજપનો આક્ષેપ



મુંબઈ, તા.૮

વર્ષ ૧૯૯૩માં મુંબઈને હચમચાવી નાખનારા બોમ્બ વિસ્ફોટોના કેસમાં દોષિત એવા આતંકવાદી યાકૂબ મેમણની કબર મામલે મહારાષ્ટ્રમાં રાજકીય યુદ્ધ છેડાયું છે. ભાજપે રાજ્યની પાછલી ઉદ્ધવ ઠાકરે સરકાર પર કબરને 'મજાર'માં ફેરવીને તેનું સૌંદર્યીકરણ કરવાનો આરોપ લગાવ્યો છે. આ સાથે જ ભાજપે મહાવિકાસ અઘાડી ગઠબંધનમાં સામેલ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી અને કોંગ્રેસની માફીની પણ માગણી કરી છે.

ભાજપના નેતા રામ કદમે ટ્વિટમાં લખ્યું હતું કે, ઉદ્ધવ ઠાકરે મુખ્યમંત્રી હતા. તે સમય દરમિયાન મુંબઈમાં પાકિસ્તાનના ઈશારે ૧૯૯૩માં બોમ્બ કાંડ કરનારા ખૂંખાર આતંકવાદી યાકૂબ મેમણની કબરને મજારમાં ફેરવી દેવાઈ. આ જ છે એમનો મુંબઈ માટેનો પ્રેમ, આ જ છે એમની દેશભક્તિ? ઉદ્ધવ ઠાકરે સહિત શરદ પવાર અને રાહુલ ગાંધી મુંબઈની જનતાની માફી માગે.

આ સાથે જ તેમણે ૨ ફોટો પણ શેર કર્યા હતા જેમાં કબર પહેલા કેવી દેખાતી હતી અને હવે કેવી દેખાય છે તેનો ભેદ દર્શાવવામાં આવ્યો છે. રામ કદમે શેર કરેલી નવી તસવીરમાં કબરની ફરતે માર્બલ લગાવેલો અને એલઈડી લાઈટ્સની સજાવટ જોઈ શકાય છે.

ભાજપના નેતાએ આ મામલે આકરી કાર્યવાહી કરવામાં આવશે તેનો પણ સંકેત આપ્યો છે. તેમણે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, 'બદલાયેલી સરકારમાં આતંકવાદીનું જે સ્થાન છે તે બતાવી દેવામાં આવશે.'

# દિલ્હીનો રાજપથ હવે, કર્તવ્ય પથ તરીકે ઓળખાશે : મોદી

## નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતિમાનું મોદીના હસ્તે અનાવરણ : નવા સેન્ટ્રલ વિસ્ટા એવન્યુ પરના પ્રદર્શનની મુલાકાત લીધી : પીએમ નરેન્દ્ર મોદીએ ગુરુવારે સેન્ટ્રલ વિસ્ટા એવન્યુનું ઉદ્ઘાટન કર્યું હતું





નવી દિલ્હી, તા.૮

પીએમ નરેન્દ્ર મોદીએ ગુરુવારે સેન્ટ્રલ વિસ્ટા એવન્યુનું ઉદ્‌ઘાટન કર્યું. તે હવે કર્તવ્ય પથ તરીકે ઓળખાશે. આ દરમિયાન પીએમ મોદીએ ઈન્ડિયા ગેટ પર નેતાજી સુભાષ ચંદ્ર બોઝની પ્રતિમાનું પણ અનાવરણ કર્યું હતું. પીએમ મોદીએ દિલ્હીમાં સેન્ટ્રલ વિસ્ટાના રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા કામદારો સાથે પણ વાતચીત કરી હતી.

પીએમએ સેન્ટ્રલ વિસ્ટા એવન્યુના ઉદ્‌ઘાટન કાર્યક્રમ દરમિયાન શ્રમજીવીને કહ્યું કે, તેઓ ૨૬ જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસની પરેડ માટે સેન્ટ્રલ વિસ્ટાના પુનઃવિકાસ પ્રોજેક્ટ પર કામ કરી રહેલા તમામ લોકોને આમંત્રિત કરશે. પીએમએ નવા સેન્ટ્રલ વિસ્ટા એવન્યુ પરના પ્રદર્શનની પણ મુલાકાત લીધી હતી. સેન્ટ્રલ વિસ્ટા એવન્યુ રાષ્ટ્રપતિ ભવનથી ઈન્ડિયા ગેટ સુધી વિસ્તરેલ છે. ગણતંત્ર દિવસ પરેડ સહિત અનેક મુખ્ય કાર્યક્રમો અહીં યોજાય છે.

આ કાર્યક્રમ દરમિયાન અનેક કેન્દ્રીય મંત્રીઓ સહિત મહાનુભાવો પણ હાજર રહ્યા હતા. નેતાજી સુભાષ ચંદ્ર બોઝની પ્રતિમાના અનાવરણ માટે ઈન્ડિયન નેશનલ આર્મી સાથે જોડાયેલા સૈનિકોના પરિવારોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. નેતાજી સુભાષ ચંદ્ર બોઝ સાથે કામ કરનાર આર. માધવને (રડતાં) કહ્યું કે, આ તેમના માટે ખુશીનો પ્રસંગ છે, માત્ર પીએમ

● અનુસંધાન પાન-૭ પર

# અયોધ્યામાં જોરશોરથી ચાલી રહ્યું છે રામ મંદિરનું કાર્ય

## મંદિરનું કામ લગભગ ૪૦ ટકા કામ પૂરુ : મુખ્ય મંદિરની દિવાલો, થાંભલા અને અન્ય વિભાગો તબક્કાવાર માળખાના ડ્રોઇંગ મુજબ ઉમેરવામાં આવશે



નવી દિલ્હી,તા.૮

તમને જણાવી દઈએ કે મંદિરના ૭ લેયરમાં પ્લિંથનું કામ પૂરુ થઈ ગયું છે. હવે કારીગર ગર્ભગૃહને આકાર આપવાના કામમાં લાગ્યા છે. અત્યાર સુધીમાં વંશીપહારપુરના લગભગ ૪૦૦ ગુલાબી પથ્થરો ગર્ભગૃહમાં નાખવામાં આવ્યા છે. આ ઉપરાંત ખડકો પર કોતરણીનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. તમને જણાવી દઈએ કે જલદી રામ મંદિરના સ્તંભોને જોડવાનું કામ શરૂ થઈ જશે. તમને જણાવી દઈએ કે ગર્ભગૃહનું મહાપીઠ બનીને તૈયાર છે. આ સિવાય ગૂઢ મંડપનું કામ પણ પોતાના અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે. ત્યારબાદ વધુ ઝડપી કામ થશે, જે હેઠળ નૃત્ય મંડપને આકાર આપવાનું કામ પણ જલદી શરૂ થશે. મુખ્ય મંદિરની દિવાલો,

● અનુસંધાન પાન-૭ પર

# હવે, ગુજરાતમાં વચેટિયા નીકળી ગયા : મોદી

## વિવિધ યોજનાના લાભાર્થીના કાર્યક્રમમાં વડાપ્રધાન વર્ચ્યુઅલી જોડાયા : સરકારની આરોગ્ય ક્ષેત્રની યોજનાથી ચાર કરોડ લોકોને દેશમાં વિનામૂલ્યે સારવાર અપાઈ, તેમાંથી ૩૦ લાખથી વધુ ગુજરાતના લોકોએ લાભ લીધો : મોદી

સુરત, તા.૮

સુરત જિલ્લાના ઓલપાડ વિધાનસભામાં કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ યોજનાના લાભાર્થીઓની કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી જોડાયા હતા. તેઓએ ભુપેન્દ્ર-નરેન્દ્રની સરકાર લોકો માટે કામ કરી રહી છે. અને હજારો અને લાખો લોકોને સીધો લાભ મળી રહ્યો છે અને વચેટિયાઓ નીકળી ગયા છે. આ ઉપરાંત તેઓએ કેટલાક લાભાર્થીઓ સાથે સીધો સંવાદ પણ કર્યો હતો. જે લોકો લાભ લઈ રહ્યા છે અને જે અન્ય લોકોને પણ આ લાભ મળે તે માટે કામગીરી કરવા કહ્યું હતું

આજના કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાને ઓલપાડ ન આવવાનો ખેદ વ્યક્ત કર્યો હતો અને સુરતની એકતા અને સેવાભાવની વાત કરી હતી. સભામાં વર્ચ્યુઅલ જોડાયેલા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું, સુરતમાં એક રીતે ડબલ એન્જિન સરકાર એટલે ભુપેન્દ્ર નરેન્દ્ર સરકાર કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓના લાભાર્થીઓના આ સંગમના દર્શન કરવા એ અમારા માટે સૌભાગ્યની વાત છે. તેમ કહીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, આજે હું ઓલપાડ આવ્યો હોત તો મને વધુ આનંદ થાત પરંતુ તમારી સાથે ટેકનોલોજીથી જોડાયો છું અને મળી રહ્યો છું.

ઓલપાડમાં જે રીતે આજે મેગા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે તે ઘણું જ પ્રશંસા પાત્ર છે. આજે અહી એક સાથે હજારો લોકોના નિદાન કરીને તેમની વિના મૂલ્યે સારવાર કરવામાં આવશે આ કામગીરી માટે ગુજરાત સરકારના મંત્રી અને ઓલપાડના ધારાસભ્ય મુકેશ પટેલ તથા તેમની ટીમને અભિનંદન છે. સરકારની યોજનાનો લાભ લેવામાં કોઈ ચૂકી ન જાય તે માટે જે તકેદારી રાખવામાં આવી રહી છે તે પ્રશંસાને પાત્ર છે.

# નીટ યુજીમાં રાજસ્થાનની તનિષ્કા દેશમાં પ્રથમ, વડોદરાની છાત્રા નવમા ક્રમે

નવી દિલ્હી, તા.૮

આખરે ઉમેદવારોની આતુરતાનો અંત આવી ગયો છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ આજે નીટયુજી ૨૦૨૨ પરીક્ષાની ફાઈનલ આન્સર કી અને પરિણામ જાહેર કર્યું છે. પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી ૩૧ ઓગસ્ટના રોજ જાહેર કરવામાં આવી હતી. નીટયુજી ૨૦૨૨ પરીક્ષાનું આયોજન ૧૭ જુલાઈના રોજ કરવામાં આવ્યું હતું. આ વર્ષે ૧૫.૯૭ લાખ ઉમેદવારે પરીક્ષા આપી હતી, જેમાં રાજસ્થાનની તનિષ્કા દેશમાં પ્રથમ આવી છે, રાજધાની દિલ્હીના વત્સ આશિષ બત્રા બીજા અને કર્ણાટકના હૃષિકેશ નાગભૂષણ ત્રીજા નંબરે રહ્યા હતા. જ્યારે ટોપ ૫૦માં ગુજરાતના પાંચ વિદ્યાર્થીને સ્થાન મળ્યું છે.

ગુજરાતની ઝીલ વ્યાસે ૯૯.૯૯૨૦૬૬ પર્સેન્ટાઇલ સાથે દેશમાં નવમો ક્રમ પ્રાપ્ત કર્યો છે. પરીક્ષામાં સામેલ થનારા તમામ ઉમેદવારો સત્તાવાર વેબસાઈટ nta.ac.in અને nea.nta.nic.inની વિઝિટ કરીને પોતાનું સ્કોરકાર્ડ ડાઉનલોડ કરી શકશે.

હાર્દિક અભિનંદન



શ્રી ગોવિંદજી કનુજી વણઝારા

આપશ્રીની ગુજરાત વણઝારા સમાજમાં પ્રમુખ તરીકે વરણી થવા બદલ ખુબ ખુબ અભિનંદન સાથે આપ સમાજના અગ્રણી બની હંમેશા સમાજની પડખે ઉભા રહો તેવી શુભેચ્છા...

શંકરજી નારાજી વણઝારા
દિલરાજ શંકરજી વણઝારા
ભરત શંકરજી વણઝારા
સમસ્ત જવ પરિવાર

ફર્મ : શિવશક્તિ એન્ટરપ્રાઈઝ, ઓમ બન્ના અર્થ મુવર્સ, ધોળાકુવા, ગાંધીનગર.

હાર્દિક અભિનંદન



શ્રી ગોવિંદજી કનુજી વણઝારા

આપશ્રીની ગુજરાત વણઝારા સમાજમાં પ્રમુખ તરીકે વરણી થવા બદલ ખુબ ખુબ અભિનંદન સાથે આપ સમાજના અગ્રણી બની હંમેશા સમાજની પડખે ઉભા રહો તેવી શુભેચ્છા...

લાલાજી પંછીજી વણઝારા
દેવાજી પંછીજી વણઝારા
જયેશ પંછીજી વણઝારા
અને સમસ્ત તુવર પરિવાર

ફર્મ : શ્રી રામ એન્ટરપ્રાઈઝ બોરીજ, ગાંધીગર